નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૨૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૦૨-૦૮-૨૦૨૧.

વિષયઃ- વસાહત ખાતે મેળવેલી જમીન અને વિતરણ થયેલ તથા વિતરણ ન થયેલ જમીન પૈકીના વિસ્તારની મુખ્ય માર્ગ કે રેલ્વે લાઈન તથા અન્ય જાહેર હેતુના કામ માટે આવશ્યકતા ઉભી થાય ત્યારે વળતરની વહેંચણી બાબત.

સંદર્ભઃ- નિગમનો પરિપત્ર નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૨૭ તા.૨૯-૦૯-૨૦૧૮

**// સુધારા પરિપત્ર //**

ઔદ્યોગિક વસાહત વિકસાવવાના જાહેર હેતુથી મેળવેલી જમીન ઉપર ઔદ્યોગિક વસાહત વિકસાવી કેટલીક જમીનોનું વિતરણ કરવામાં આવ્યું તથા કેટલીક જમીનોનું વિતરણ થયેલ ન હોય, તેવી જમીનોના વિસ્તારની મુખ્ય માર્ગ પહોળો કરવા માટે કે રેલ્વે લાઈન તથા અન્ય જાહેર હેતુની કામગીરી માટે જમીનની આવશ્યકતા ઉભી થાય ત્યારે આવી જાહેર હેતુ માટે આપવાની થતી જમીનોનું વળતર મેળવવામાં આવે છે. જેની વહેચણી નિગમ અને ફાળવણી કરેલ ઉદ્યોગકારની વચ્ચે કયાં હિસ્સામાં કરવી. સદર કપાત થતી જમીનના વળતરની વહેચણી માટે હવેથી નિગમની તા.૨૯-૦૬-૨૦૨૧ના રોજ મળેલ ૫૧૨ મી સભામાં નિગમના અગાઉના પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૨૭ તા.૨૯-૦૯-૨૦૧૮ ના પરિપત્રના મુદ્દા નં-૧ માં થયેલ અંશતઃ સુધારા અનુસાર નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**<u>નિગમે ફાળવણી કરેલ જમીનના કિસ્સામાં કપાત થતી જમીનના વળતરની વહેચણી બાબત.</u>**

(૧) **<u>ઉપયોગ થયેલ / ઉપયોગ થઈ બંધ થયેલ/ મોરેટોરીયમમાં આવતી મિલ્કત.</u>**

(૧) ફાળવણીદારને ફાળવેલ જમીન પૈકી સંપાદિત/કપાત થતી જમીનના કિસ્સા માટે સંપાદિત/કપાત થતી સપ્રમાણ જમીનના વિસ્તાર માટે નિગમને સંપાદનના વળતર તરીકે પ્રાપ્ત થયેલ રકમના ૫૦% પ્રમાણે ચુકવવાનું રહેશે.

(૨) સદર વળતરની ચુકવણી મોરેટોરીયમમાં આવતી મિલકતોને પણ લાગુ પાડવાનું રહેશે.

(૩) જમીનના વળતરની ઉપર મુજબની વહેચણીની અમલવારી જે કિસ્સાઓમાં વળતરની ચુકવણી બાકી હોય, તેવા કિસ્સાઓ માટે લાગુ પાડવાની રહેશે.

(૪) નિગમના અગાઉના પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૨૭ તા.૨૯-૦૯-૨૦૧૮ ના પરિપત્રમાં ઉપરોક્ત સિવાયની તમામ જોગવાઈઓ ચાલુ રાખવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ ઉપરોક્ત નીતિ વિષયક બાબતોનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી(જમીન)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ......

**<u>નકલ રવાના</u>**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ.....
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ.......

રવાના કર્યુ.

મેનેજર(મહેકમ)